# " પંચમહાભૂત "

દીધો મને દાહ,

મારા જ વહાલાઓએ,

દેહને ના કોઈ દાહ હતો

ના કોઈ પીડા.

હું જોતો જ રહ્યો

સળગતો દેહ મારો.

આતમ છૂટ્યો

એ આકાશે આંબ્યો,

વાયુ તત્વ છૂટતાં

દેહ ફુલાવી ગયો,

અગ્નિ છૂટતાં દેહ ઠર્યો ને

જળ તત્વને ચિતાએ બાળ્યું,

પૃથ્વી તત્વ એ રાખ મારી

પૃથ્વીમાં જ સમાઈ,

આમ પંચમહાભૂતનો દેહ મારો

પંચમહાભૂતમાં ભળ્યો.

હવે રહ્યો ના હું, અને તોય રહ્યો

એ આતમ પ્યારો હું જ .....

વિશ્વાત્મા
ગ્લોબેલિયન
ડો. ચૈતન્ય પટેલ

# “ પંચમહાભૂત ”

## ભાવાર્થ

આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી એમ પાંચ તત્વોનું બનેલ આપણું શરીર, મૃત્યુ પછી કેવી રીતે પાંચ તત્વોમાં મળી જાય છે તેનું અહીં નિરૂપણ છે.

મારા મૃત્યુ પછી મારી વ્હાલામાં વ્હાલી વ્યક્તિ જ મને અગ્નિદાહ આપવાની. મૃત શરીરને દાહ શું અને પીડા શું? હું આત્મા સ્વરૂપે મારા સળગતા દેહને જોયા જ કરતો હતો.

સૌ પ્રથમ આકાશ તત્વ રૂપે આત્મા, પાર્થિવ દેહ છોડીને વિદાય લે છે. તે પછી દેહમાં રહેલ વાયુ તત્વો છૂટાં પડતાં દેહને ફુલાવી દે છે. દેહમાં થી અગ્નિ તત્વની વિદાય થતાં દેહ ઠંડો પડી જાય છે. દેહનું જળ તત્વ ચિતાની ગરમીથી વિદાય લે છે. પાંચમું પૃથ્વી તત્વ, રાખ સ્વરૂપે પૃથ્વીમાં જ સમાઈ જાય છે.

દફન વિધિની રીતમાં ધીમી રીતે જળ તત્વ સુકાઈ જાય છે તથા પૃથ્વી તત્વ કાળક્રમે પૃથ્વી તત્વમાં ભળી જાય છે. અન્ય તત્વોની ગમન વિધિ અગ્નિદાહમાં થતી ગતિ જેવી જ હોય છે.

આમ કહેવાતા પંચમહાભૂત માં થી બનેલા શરીર પંચમહાભૂતમાં જ ભળી જાય છે. શરીરના ના રહ્યા પછી અવકાશમાં ગતિ પામેલો આત્મા એ જ “સાચો હું”.  બીજી યોનિમાં જન્મ લઈ સાકાર સ્વરૂપે આવનાર પણ હું જ. અને એ જ સનાતન સત્ય. મૃત્યુ એટલે શરીરોની અદલા બદલી.

વિશ્વાત્મા
ગ્લોબેલિયન
ડો. ચૈતન્ય પટેલ